ગાંધીનગર સમાચાર

સે-૨૧ ની મુગ્ધા દવેનું સીએ સીપીટીમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન

# સે-૨૩માં રીઢો ઘરફોડીયો પકડાયો

## આયુર્વેદીક ડોકટરના બંધ મકાનમાં ઘુસ્યો ને કમ્પાઉન્ડર આવી ગયો : બુમાબુમ થતા વસાહતીઓએ તેને પકડીને મેથીપાક ચખાડી પોલીસને સોંપ્યો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના સે-૨૩ ખાતે સ્થિત એક ડૉકટરના બંધ મકાનમાં ગઈ સાંજે નકુચો તોડીને ઘુસેલો રીઢો ઘરફોડીયો વિક્રમ બચુ રંગે હાથ વસાહતીઓના હાથે ઝડપાઈ ગયો હતો. વિક્રમને મેથીપાક ચખાડીને પોલીસને હવાલે કરવામાં આવ્યો છે. વિક્રમ બચુને કોર્ટમાં રજુ કરાતા કોર્ટે વધુ પુછપરછ માટે બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. અગાઉ આ જ ડૉકટરના ઘરમાંથી રૂ. ૫૯ હજારની મત્તાની ઘરફોડ થઈ હતી તે પણ આ જ શખ્સે કરી હોવાનું વસાહતીઓનું કહેવું છે. વસાહતીઓએ આ વિક્રમને તે વખતે રેકી કરતા જોયો હતો પોલીસે તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે.

### વિક્રમ બચુ ૫૦થી વધુ ઘરફોડના ગુનાનો આરોપી છે...!

**જામીન પર છુટીને પણ ઘરફોડ ચોરીઓ કરવાનું તેણે ચાલુ રાખ્યુ**

ગાંધીનગરનો રીઢો ઘરફોડીયો વિક્રમ બચુ અગાઉ વર્ષ ૨૦૧૧માં લોકલ ક્રાઈમ બ્રાન્ચના સકંજામાં આવી ગયો હતો. તે સમયે તેણે શહેર તથા આસપાસના વિસ્તારની અધધધ... ૫૦ જેટલી ઘરફોડ ચોરીઓ કબુલી હતી. દરવાજાનો નકુચો કે તાળુ તોડી અથવા જાળીની ગ્રીલ તોડીને બંધ મકાનમાં ઘુસતો આ વિક્રમ બચુ તેની સાથે માત્ર એક ફુટનું લોખડનું કોંસ જેવું સાધન રાખતો હતો. એક જ ફટકામાં નકુચો તોડીને અંદર મકાનમાં આસાનીથી ઘુસી જતા વિક્રમ બચુ પાસેથી તેનું આ હથિયાર પણ પોલીસે રીકવર કરી લીધું છે. ૫૦ ઘરફોડના ગુનામાં જેલ ભેગો થયેલો વિક્રમ જામીન પર છુટયો છે અને ત્યાર પછી પણ તેણે આ ધંધો ચાલુ જ રાખ્યો છે..!

સેકટર-૨૩માં રહેતા ડૉ. અરવિંદભાઈ પંડયા (આયુર્વેદીક ડૉકટર) ગઈ કાલે પરિવાર સાથે લગ્નમાં હાજરી આપવા ગયા હતા. મકાનને તાળુ મારીને તે નિકળ્યા હતાં દરમિયાન સાંજે તેમનો કમ્પાઉન્ડર ઘરે આવ્યો હતો મકાનનો દરવાજો ખુલ્લો હતો. નકુચો તોડીને અંદર ઘરફોડીયો ઘુસેલો હતો. કમ્પાઉન્ડરે બુમાબુમ કરતા વિક્રમ બચુ ઠાકોર (રહે. સેકટર-૪ પ્લોટ નં. ૧૭૦/૧) અંદરથી દોડને બહાર નીકળ્યો અને ભાગવાનો પ્રયત્ન કરતો હતો ત્યારે વસાહતીઓનું ટોળુ ભેગું થઈ ગયું ને વિક્રમ બચુને પકડીને ત્યાં જ તેને મેથીપાક ચખાડી પોલીસને હવાલે કર્યો હતો. સે-૨૧ પોલીસે વિક્રમ બચુની ધરપકડ કરીને કોર્ટમાં રજુ કરતા ૨૨ જાન્યુઆરી સુધીના રિમાન્ડ કોર્ટે મંજુર કર્યા છે. ડૉ. અરવિંદ પંડયાના ઘરે અગાઉ ૮ ડિસેમ્બરે ઘરફોડ ચોરી થઈ હતી જેમાં રૂ. ૫૯ હજારની માલમત્તાની ચોરી થઈ હતી તે સમયે પણ આ જ શખ્સને વસાહતીઓએ આંટા મારતા જોયો હોવાનું કહેવું છે જે અનુસંધાને પણ પીએસઆઈ બી.કે. અસારીએ તપાસ હાથ ધરી છે.



### વિક્રમ બચુને એક પગ પ્લાસ્ટીકનો છે...!

રીઢા ઘરફોડીયા વિક્રમ બચુને વર્ષો પહેલા એક અકસ્માત સર્જાયો હતો તેમાં અક પગ અડધે સુધી કપાઈ ગયો હતો ત્યારથી વિક્રમ બચુ પ્લાસ્ટીકનો પગ ભરાવીને ફરે છે. મોટા ભાગની ઘરફોડ ચોરીઓ તેણે આ સ્થિતિ બાદ કરી છે.

## @ગાંધીનગર

● સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ અને બાળ સંરક્ષણ સોસાયટીના ઉપક્રમે સવારે ૧૦.૦૦ કલાકે સેકટર-૯ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીના ઈન્સ્ટીટયુટ ઓફ બી હેવીયરલ સાયન્સ ખાતે 'સોશિયલ કન્ડીશનીંગ ફોર સોશિયલ એમપાવરમેન્ટ' ના વિષય ઉપર પરિસંવાદ યોજાશે.

● ગુજરાત સાહિત્ય અકાદમી તથા પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના સંયુકત ઉપક્રમે સવારે ૯.૩૦ કલાકે સેકટર-૭, પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના સભાખંડ ખાતે 'સંસ્કૃત સાહિત્ય કૃતિઓનું અન્ય સાહિત્યમાં આલેખન' વિષય ઉપર રાજય સ્તરીય પરિસંવાદ યોજાશે.

● ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા સાંજે ૪.૦૦ કલાકે સેકટર-૧ શિવ મંદિર ખાતે પરિષદની બેઠક યોજાશે.

**- નજાહખાનમ સૈયદ**

## વાતવાતમાં

● કેવો સુખદ યોગાનુયોગ...!!

ગાંધીનગરના જાણીતા બિલ્ડર જગતભાઈ કારાણી તથા તેમના પત્નિ ચેતનાબેનનો જન્મદિવસ એક જ દિવસે એટલે તા. ૨૧મી જાન્યુઆરીએ છે. તેમના જન્મદિનની પૂર્વ સંધ્યાએ નિવાસસ્થાને યોજાયેલ સંગીત સંધ્યામાં મિત્રોએ સરપ્રાઈઝ આપવાનું નક્કી કર્યું હતું.

● ગાંધીનગર એક શિક્ષણનગરી બનતું જાય છે અને નગરના વિદ્યાર્થીઓ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી રહ્યા છે. તાજેતરમાં જાહેર થયેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસની પરીક્ષામાં નગરના ૪માંથી ૨ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે તથા આ વર્ષે બી.જે. મેડીકલ કોલેજમાં સૌથી વધુ ગાંધીનગરના વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે.

● સે-૨૪ની પોસ્ટ ઓફિસમાં સીબીએસ સીસ્ટમ લાગુ કરવામાં આવી રહી છે પરંતુ તેના ઈમ્પ્લીમેન્ટેશનના કારણે હાલ ગ્રાહકોને હાલાકી ભોગવવી પડી રહી છે. ઘણા ગ્રાહકોના ૧લી તારીખે પાકતા નાણાં છેક ૧૮મી તારીખે મળવા પામ્યા છે. જેના કારણે તેમને એટલા દિવસની વ્યાજ ખાધ ભોગવવાનો વારો આવ્યો છે.

● સે-૧૭-૨૨ નજીક મંગળવારે સાંજે એક યુવાન બાળકનું અપહરણ કરતો હોવાની શંકા સાથે ઝડપાતા ભેગા થયેલા ટોળાએ તેને ધીબી નાંખ્યો હતો. જો કે માર માર્યા બાદ તપાસ કરતા ખબર પડી કે તે બીએસએફનો જવાન હતો જેને પેલા બાળકો થોડી વાર પહેલા લેબોરેટરીનું સરનામું બતાવ્યું હતુ તેના બદલામાં વળતી વખતે તે આભાર માનવા ચોકલેટ આપી રહ્યો હતો.

● પેથાપુરમાં નકલી કરન્સી નોટો પધરાવવાના પ્રકરણમાં ઝડપાયેલ આરોપી ગૌરાંગ પંચાલના માતા પિતાએ અગ્નિસ્નાન કરી લેતા તેના અંતિમ સંસ્કાર માટે વચગાળાના જામીન પર લઈ જવાયો હતો. જો કે તેની પાસે માતા પિતાના અગ્નિ સંસ્કાર માટેના પણ પૈસા ના હોવાથી પોલીસે ગામના સરપંચની મદદથી પૈસાની વ્યવસ્થા કરી અંતિમ સંસ્કારમાં મદદ કરી સદભાવના દાખવી હતી.

**- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫**

# સે-૨૧ની મુગ્ધા દવેનું સીએ સીપીટીમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન

## સમગ્ર ગાંધીનગરમાં અત્યાર સુધીનો સર્વોચ્ચ સ્કોર હાંસલ કર્યો : એકવાર અસફળતા મળવા છતાં નિરાશ થયા વગર માત્ર છ માસના ટૂંકા ગાળામાં 'રેન્ક'માં સ્થાન પ્રાપ્ત કર્યું

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના વિદ્યાર્થીઓ તેમાં પણ ખાસ કરીને દિકરીઓ અભ્યાસ ક્ષેત્રે એક પછી એક સિધ્ધિઓ હાંસલ કરી શહેરનું નામ ગૌરવથી રોશન કરી રહી છે. સે-૨૧માં રહેતા ખાનગી કંપનીના કર્મચારી મિતેષકુમાર દવેની દિકરી મુગ્ધા દવેએ સીએ સીપીટીમાં ૮૬.૫ ટકા સાથે સમગ્ર ગાંધીનગરના ઈતિહાસમાં સૌથી વધુ પરિણામ મેળવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે મુગ્ધાએ છ માસ પહેલા આ પરીક્ષામાં નસીબ અજમાવ્યું હતું. પરંતુ ટાઈમ મેનેજમેન્ટને કારણે અસફળ રહી હતી પરંતુ ફરી તેણે ટૂંકા ગાળામાં આકરી મહેનત વડે ટોપ રેન્કમાં સ્થાન મેળવી પોતાની અડગતા અને આત્મબળનો પરિચય આપ્યો છે.

ચાર્ટર્ડ એકાઉન્ટટન્ટની ડિગ્રી કોમર્સ લાઈનમાં સર્વોચ્ચ ડિગ્રી ગણાય છે અને તેનો અભ્યાસ કરવા પૂર્વે સીપીટી એટલે કે કોમન પ્રોફેન્શિયન્સી ટેસ્ટ નામની આકરી



કસોટી પાર કરવી પડે છે. ગાંધીનગરના સે-૨૧માં રહેતા અને કલ્પતરૂ પાવર ટ્રાન્સ્ક્રિપ્શન કંપનીમાં કાર્યરત મિતેષભાઈ દવે અને તેમના પત્નિ મેઘાબેનની દિકરી મુગ્ધાને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવાની ધૂન લાગેલી છે. આ માટે તેણે વર્ષ ૨૦૧૫માં મે માસમાં સીએ સીપીટી આપી હતી. સીએ સીપીટીની પરીક્ષામાં ટાઈમ મેનેજમેન્ટ ખુબ જ અગત્યનું પરિબળ હોય છે અને મુગ્ધાએ તેમાં થોડીક થાપ ખાધી જેથી તેને અસફળતાનો સ્વાદ ચાખવો પડયો હતો. જો તેની જગ્યાએ કોઈ બીજું હોત તો આ અસફળતાથી નિરાશ થઈ સીએ થવાની વાત જ પડતી મુકી હોત પણ મુગ્ધાએ હિંમત હાર્યા વગર ફરી સીપીટી માટે બમણા જોશથી તૈયારીઓ આરંભી દીધી. આ સમયે તેને માતા પિતાની હુંફ અને તેના નેકસ્ટ કોમર્સ એજયુકેશનના અધ્યાપકોના માર્ગદર્શને સાથ આપ્યો. માત્ર છ માસના ટૂંકા ગાળામાં ડિસેમ્બરમાં તેણે ફરી સીએ સીપીટી આપી અને કુલ ૨૦૦માંથી ૧૭૩ ગુણ મેળવી સમગ્ર ગાંધીનગરમાં અત્યાર સુધીમાં સૌથી હાઈએસ્ટ રીઝલ્ટ મેળવતા રેન્ક પ્રાપ્ત કરી બતાવ્યો છે.

પ્રાથમિક શાળામાં બાળકોને ભણાવાય છે કે 'કરતા જાળ કરોળિયો, ભોંય પડી પછડાય, તુટેલે તાંતણે ફરી ઉપર ચઢતો જાય' એ ઉકિત મુજબ મુગ્ધા દવેએ અસફળતાને ચાવી માત્ર સફળતા જ નહી પરંતુ જવલંત સફળતા હાંસલ કરી દેખાડી છે. હવે મુગ્ધાનું આગામી લક્ષ્ય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થવાનું છે. સીએ પાસ કરી તેને પ્રેકટીસ કરવી છે. જેના મનમાં ભવિષ્યનું લક્ષ્ય આટલું સુદ્દઢ કોતરાયેલું હોય તેને ભાગ્ય પણ આપો આપ સાથ આપે છે. હાલ તો મુગ્ધાના આ પરિણામથી તેના માતા-પિતા-ભાઈ સહિત તમામ સ્નેહીજનો, અધ્યાપકો અને આડોશી-પાડોશી સર્વ અભિનંદન વર્ષા કરી રહ્યાં છે.

# શહેરના માર્ગો પર વાહનો માટે સ્પીડ લીમીટના બોર્ડ મુકવા માંગ

ગાંધીનગર, તા.૨૦

પોલીસ અને આરટીઓ દ્વારા જાન્યુઆરીના બીજા સપ્તાહમાં ટ્રાફીક સપ્તાહ ઉજવવામાં આવેલ હતો. જે વાહનોની લાઈટ પર પીળા પટ્ટા દોરવામાં આવેલ ન હતા તેવા વાહનોની લાઈટ પર પીળા પટ્ટા દોરી બાઈક રેલી કાઢી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. ખરેખર પાટનગરના મુખ્ય માર્ગો ક થી જ સુધી, માર્ગ ૦ થી ૭ સુધી તેમજ દરેક સેકટરના આંતરિક રસ્તાઓ પર જયાં બમ્પ છે ત્યાં અને મુખ્ય માર્ગ સાથે જોડતા તમામ ક્રોસ રોડ ઉપર સ્પીડ લીમીટના બોર્ડ મુકવા જોઈએ (મુખ્ય માર્ગો ઉપર), ક્રોસ રોડ ઉપર સ્પીડ બ્રેકર્સ મુકવા જોઈએ તથા આંતરિક રસ્તાઓ પરના બમ્પ સફેદ પટ્ટાથી દોરવા જોઈએ. આ બાબતે ગાંધીનગર શહેર વિકાસ પરિષદના કાર્યકારી પ્રમુખ શ્રી જે.જી. ભટ્ટે છેલ્લા ૫ વર્ષથી જિલ્લા પ્રભારી મંત્રીશ્રી, જિલ્લા કલેકટરશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રીને તથા આરટીઓશ્રીને તથા કા.પા. ઈજનેરશ્રી-પાટનગર યોજના સમક્ષ અનેકવાર આ બાબતે રજુઆત કરે છે છતાં પરિણામ આજ સુધી શુન્ય છે. જેને પરિણામે અનેક નાના મોટા વણનોંધાયેલ જીવલેણ અકસ્માતો થાય છે.

પાટનગરના તમામ મુખ્ય માર્ગો ખૂબ પહોળા થઈ ગયેલ છે. ટ્રાફીક પોલીસના અભાવે કાર, ટ્રક, મોટર બાઈક, બેસુમાર સ્પીડે દોડે છે. સ્પીડ બ્રેકર્સના અભાવે તેમજ સફેદ પટ્ટા વિનાના બમ્પને કારણે ચાલકો ઉથલી પડે છે અને મૃત્યુ પામે છે. જેથી દરેક મુખ્ય માર્ગો ઉપર સ્પીડ લીમીટના બોર્ડ મુકવા, ક્રોસ રોડ પર સફેદાવાળા બ્રેકર્સ બનાવવા, આંતરિક રસ્તાઓ ઉપરના બમ્પ સફેદ પટ્ટાથી ચીતરવા, ક્રોસ રોડને જોડતા અન્ડરગ્રાઉન્ડ રસ્તાઓ બનાવવા, ક્રોસ રોડ ઉપર ટ્રાફિક પોલીસ, હોમગાર્ડ મુકવા માટે ફરીથી ગાંધીનગર શહેર વિકાસ પરિષદના કાર્યકારી પ્રમુખશ્રી જયંતભાઈ જે. ભટ્ટે સરકારમાં રજુઆતો કરેલ છે.

# એસ.જી. પ્રાથમિક શાળામાં વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓ બનાવવાની પ્રવૃત્તિ યોજાઈ

ગાંધીનગર, તા.૨૦

એસ.જી. પ્રાથમિક શાળામાં આજે ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ઈ વેસ્ટ મીટીરીયલ્સમાંથી કલાત્મક કે સર્જનાત્મક સાધન સામગ્રી બનાવવાની પ્રવૃત્તિ યોજાઈ હતી. જેમાં શાળાના દરેક વિદ્યાર્થીઓએ સુંદર તેમજ કલાત્મક ઉપકરણો બનાવી પોતાની સર્જન શકિતને અભિવ્યકત કરી હતી.

શાળાના દરેક વર્ગના બાળકો દ્વારા વેસ્ટ મટીરીયલ્સ મંગાવવામાં આવ્યું હતું. આ સાધન સામગ્રીમાંથી બાળકોએ સર્જનાત્મક ઉપકરણ બનાવ્યા હતા. આ પ્રવૃત્તિ દરમિયાન દરેક વર્ગમાંથી ઈલેકટ્રોનિકસ સાધન સામગ્રીની વિવિધ વસ્તુઓ પણ તૈયાર કરવામાં આવી હતી. કેલાક વિદ્યાર્થીઓએ પવન ચક્કી, ફુલદાની, સીડી-ડીવીડીમાંથી ગણપતિની પ્રતિમા લાઈટ હાઉસ, ગાડી, પેન બોક્ષ, મોજામાંથી ઢીંગલી, આઈસક્રીમની ચમચીઓમાંથી ઘર, બોટ, મોરના પીંછામાંથી વોલપીસ સહિતની વિવિધ વસ્તુઓ તૈયાર કરી હતી. શાળાના વિદ્યાર્થીઓની કલાત્મક અને સર્જનાત્મક શકિતને શાળા પરિવારે વખાણી હતી અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.



'ધ સ્કૂલ પોસ્ટ' દ્વારા આંતરશાળાકીય 'સ્ટોરી રાઈટીંગ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં દિલ્હી પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓએ ૯૫ વાર્તાઓ લખી મોકલી આપી હતી. જેમાંથી 'ધ સ્કૂલ પોસ્ટ' દ્વારા પ્રકાશિત **'The Pens Of Fame'** પુસ્તકમાં શાળા દ્વારા મોકલેલ ૨૫ વાર્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત દિલ્હી પબ્લિક સ્કૂલને 'બેસ્ટ પાર્ટીસીપેશન' તેમજ 'દ્વિતીય પારિતોષિક'થી નવાજવામાં આવ્યા હતા. તેમજ શાળાના ૬ વિદ્યાર્થીઓને 'બેસ્ટ સ્ટોરી' માટે એવોર્ડ અને સર્ટીફીકેટ પણ એનાયત કરવામાં આવ્યા હતા. આ સિધ્ધી બદલ શાળા પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# સે-૨૧માંથી બે પિતરાઈ ભાઈઓ વાહન ચોરીમાં પકડાયા

## મોજશોખ માટે ડુપ્લીકેટ ચાવીથી વાહન ચોરતા હોવાની કબુલાત

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ખાતે બેંક ઓફ બરોડા પાસેથી ગઈ કાલે ચોરીના બાઈક સાથે બે પિતરાઈ ભાઈઓને સે-૨૧ પોલીસે ઝડપી પાડયા હતા. જે પૈકી એક માત્ર ૧૫ વર્ષનો છે. ડુપ્લીકેટ ચાવીથી માત્ર મોજશોખ માટે વાહનો ચોરીને પેટ્રોલ પુરું થાય એટલે ત્યાં જ વાહન મુકી જતાં રહેવાની મોડસ ઓપરેન્ડી ધરાવતા બંને શખ્સની ધરપકડ કરી પુછપરછ કરતા બે વાહન ચોરીના ભેદ ઉકેલાયા છે. સે-૨૧ પોલીસે રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે.



સેકટર-૨૧ પોલીસ મથકનાં પીએસઆઈ આઈ.ડી. રાઠોડ તથા તેમની ટીમના રાજેન્દ્રસિંહ સહિતના માણસોએ સે-૨૧ ખાતે સ્થિત બેંક ઓફ બરોડા નજીકથી ગઈ સાંજે ચોકકસ બાતમીને આધારે બે શખ્સોને ચોરીના સ્પ્લેન્ડર બાઈક સાથે પકડી પાડયા હતા. ૧૫ વર્ષના એક સગીર અને તેના પિતરાઈ ભાઈ મુળ પ્રાંતિજનો અને હાલ પાલજ રહેતો રવિ હસમુખ રોહીત બંનેને પકડીને સઘન પુછપરછ કરતાં સે-૨૧ શાકમાર્કેટ પાસેથી બાઈક ચોરી કર્યુ હોવાની કબુલાત કરી હતી તદ ઉપરાંત એક એકીટવાની ચોરીની કબુલાત પણ કરી છે. મોજશોખ માટે વાહનની ચોરી કર્યા બાદ વાહનનું પેટ્રોલ પુરું થાય ત્યારે તે વાહન જયાં ઉભું રહે ત્યાં જ મુકીને ચાલ્યા જતા હતા. વધુ તપાસ માટે રીમાન્ડ મેળવવા સે-૨૧ પોલીસે તજવીજ શરુ કરી છે.

# આજે શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા તા. ૨૧મી જાન્યુઆરીને ગુરુવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે સેકટર-૧ શિવ મંદિર ખાતે કારોબારી બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં શહેર જાગૃત નાગરિક પરિષદના પદાધિકારીઓ અને કારોબારી સભ્યોને હાજર રહેવા સંસ્થાના ઉપપ્રમુખ રાજેન્દ્ર પારેખે જણાવ્યું છે.

# લગ્નોની પૂરબહાર ખિલેલી મોસમ

## સમય, સંજોગો અને સાનુકુળતાનું જ લગ્ન લેવામાં મહત્વ, ચોકકસ ધાર્મિક વિધિ કરી લેવાતાં લગ્નો, જુલાઈ-૧૫ થી ઓગષ્ટ-૧૬ સુધી સિંહસ્થ કાર્યકાળ છે, ચૈત્ર મહિનાને બાદ ગણતા જયોતિષી

ગાંધીનગર, તા.૨૦

ધર્મશાસ્ત્રો અને જયોતિષશાસ્ત્ર મુજબ સિંહસ્થ ગાળા દરમિયાન શુભકાર્યો નિષેધ હોય છે જેમાં નક્કી કરાયેલી બાબતો હોય તો શુભ કાર્યો થઈ શકતા હોવાનું શાસ્ત્રો જણાવે છે. છતાં હાલમાં લગ્નોની પૂરબહાર મોસમ ખિલી ઉઠી છે જેમાં સિંહસ્થ કાળનો સરેઆમ છેદ ઉડી રહ્યો છે. ગત વર્ષે સિંહસ્થ વર્ષ શરૂ થવાના સમયે આ અંગે પ્રચાર માધ્યમો થકી મોટા પાયે સિંહસ્થ વર્ષની ચર્ચાઓ થઈ હતી પરંતુ ચોકકસ ધાર્મિક વિધિને પ્રાધાન્ય આપી યજમાનના આગ્રહથી બ્રાહ્મણો લગ્નમુર્હુત આપતા હોવાનું જાણવા મળ્યું છે જો કે જુલાઈ ૨૦૧૫ થી ઓગષ્ટ ૨૦૧૬ સુધી સિંહસ્થ કાર્યકાળ છે જેમાં માંગલિક અને શુભ કાર્યોને નિષેધ ગણાયા છે.

ધનારક કમૂર્હતા ઉતરતાં સાથે જ લગ્નોની જમાવટ થઈ ગઈ છે. હાલ અનેક સ્થળોએ લગ્નો થઈ રહ્યા છે. વિવિધ બજારોમાં લગ્ન અંગેની ખરીદીમાં પણ ધુમ તેજી આવી છે. જો કે સિંહસ્થ વર્ષ ચાલતું હોઈ કેટલાક આસ્થા ધરાવતા લોકોમાં આ લગ્નોથી આશ્ચર્ય ફેલાયું છે. લગ્નના આયોજકો સમય, સંજોગો અને સાનુકુળતાને જ મહત્વ



આપતા સિંહસ્થકાળ વિસરાઈ ગયો છે. આ અંગે તલોદના જયોતિષી ભરતભાઈ શાસ્ત્રી જણાવે છે કે ૧૪-૭-૧૫થી શરૂ થયેલું સિંહસ્થ વર્ષ ૧૧-૮-૧૬ના રોજ પુરું થાય છે. છતાં આજકાલ ધર્મકાર્યમાં આસ્થા ઘટી જતા અને કળીયુગના પ્રભાવથી આવું બનવું શકય બન્યું છે.

તેઓ વધુમાં જણાવે છે કે સિંહસ્થ વર્ષમાં કન્યાકાળ વિતી ગયા પછી બ્રાહ્મણો અમુક નક્કી વિધિને મહત્વ આપી પછી જ લગ્ન મુર્હુત આપતા હોય છે. જેમાં સિંહસ્થ દોષ નહીંવત પ્રમાણમાં અસર કરતો હોય છે. ધર્મના વાડા બહુ જ ઉભા થયા છે ત્યારે ધર્મના અનુયાયીઓ દ્વારા જયોતિષ શાસ્ત્ર ઉપર પણ વર્ચસ્વ ઉભું કરી શ્રધ્ધાળુઓમાં કાર્ય કરવા માટે પ્રેરણા આપવા થયા હોવાનું ભરતભાઈ ભારપૂર્વક જણાવે છે. શાસ્ત્રી જણાવે છે કે સિંહસ્થ વર્ષ દરમિયાન ચૈત્ર મહિનામાં સુર્ય ઉચ્ચ રાશીનો થઈ મેષ રાશીમાં પ્રવેશે છે ત્યારે સિંહસ્થ દોષ લાગુ પડતો નથી જેથી ૮-૪-૧૬થી ૮-૫-૧૬ સુધી લગ્ન થઈ શકતા હોય છે. જોકે ઘડો મુકવો, ખાતમુર્હુત, વાસ્તુ કે જનોઈ બદલવી નિષેધ મનાયુ છે. હાલના સંજોગો જોતા લગ્ન આયોજન કર્તા પરિસ્થિતિને વધુ ધ્યાન આપતા થયા છે અને જયોતિષ વિદ્યા ઉપર શ્રધ્ધા ઓછી થતાં શકય ન હોય તો પણ લગ્ન લેવાઈ રહ્યા છે જે કારણે લગ્નોની મોસમ ખિલી ઉઠી હોવાનું માનવું છે.




(તસવીર : કશ્યપ નિમાવત)

રાજીવ ગાંધી ખેલ અભિયાન અંતર્ગત સાંઈ સ્પોર્ટસ સંકુલ ગાંધીનગર ખાતે ખો-ખો અને કબડ્ડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેનું ઉદઘાટન ગાંધીનગરના મેયર હંસાબેન મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં રાજીવ ગાંધી ખેલ અભિયાનના પ્રો. ઓફિસર બી.કે. પાંડે, રીજનલ ડાયરેકટર આર.કે. નાયડુ તથા અર્જુન એવોર્ડ વિજેતા હેન્ડબોલ કોચ મુનેશ્વર અને શિવાજી ઉપસ્થિત રહ્યા હતાં.

## ચિરવિદાય

- સ્વ. ભરતજી નારાયણજી ઠાકોર, ઉ.વ.૪૦
- સ્વ. કાન્તાબેન શકરાભાઈ આસોડિયા, ઉ.વ.૬૫
- સ્વ. સાવિત્રીબેન યોગેન્દ્રસિંહ રાવત, ઉ.વ.૬૨